# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-08-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## વરસાદ

જીલ્લાના વિવિધ વિસ્તારોમાં આજે પણ ઓછા વત્તા અંશે વરસાદી માહોલ યથાવત રહ્યો છે. આજે મુન્દ્રા તાલુકાના ઝરપરા, નાની ખાખર, સમાઘોઘા સહિતના વિસ્તારોમાં જોરદાર વરસાદી ઝાપટા પડ્યા હોવાના સમાચાર છે.

બીજી બાજુ, લખપત તાલુકામાં છેલ્લા છ-સાત દિવસથી પડી રહેલા વરસાદનો દોર જળવાઈ રહેતા આજે સવારથી મુખ્ય મથક દયાપર સહિત નાની વિરાણી, સિયોત, મુધાન, લાખાપર, અમિયા, ખટીયા, ધારેશી નરા અને હરોડામાં વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત કનોજ, સુભાષપર, બીટીયારી, વર્માનગર, પીપર, રોડાસર અને બરંદામાં પણ વરસાદના સમાચાર છે. માતાના મઢ, કોટડામઢ, આશાલડી, મેઘપર ભાડરા, આશાપર, લખપત, ઉમરસર, પાનધ્રો, છેર, કપુરાશી અને ઘડુલી વિસ્તારમાં પણ વરસાદી માહોલ રહ્યો છે. ધોધમાર વરસાદને કારણે તળાવોમાં નવા નીર આવ્યા છે. બીટા પાસે નદીની પાપડી તૂટી જવાને કારણે અબડાસા અને નખત્રાણાને જોડતો માર્ગ બંધ થયો છે.

સાર્વત્રિક વરસાદને કારણે માલધારીઓ અને ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. જયારે, અબડાસાના નલિયા, બાલાપર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારો અને માંડવી તાલુકામાં પણ વરસાદ પડી રહ્યો છે.

જીલ્લા કંટ્રોલ રૂમ પાસેથી અમને મળેલી તાલુકાવાર વિગતો મુજબ, આજે સાંજે ૬ વાગ્યે પુરા થતા ૧૨ કલાક દરમ્યાન, મુન્દ્રામાં ૩૦ મીલીમીટર, લખપતમાં ૨૧, અબડાસામાં ૨૦, નખત્રાણામાં  ૧૪ અને માંડવીમાં ૧૧ મીલીમીટર વરસાદ નોંધાયો છે.

દરમ્યાન, કચ્છ અને સૌરાષ્ટ્રના છૂટાછવાયા વિસ્તારોમાં આજે અને આવતીકાલે ભારે વરસાદની આગાહી સાથે યલો અલર્ટ આપવામાં આવ્યું છે. જયારે આગામી ૨૩ મી થી ૨૮ મી ઓગસ્ટ દરમ્યાન ભારેથી અતિભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડો એ. કે. દાસે જણાવ્યુ છે.

(બાઇટ - હવામાન વિભાગના નિયામક ડો એ. કે. દાસ)

---------------------------------------------------------------------------------

## શ્રૃજન એલએલડીસી દ્વારા કલા સંગમનું આયોજન

ભુજ નજીક અજરખપુર ખાતે આવેલ લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઇન સેન્ટર ખાતે શ્રૃજન એલએલડીસી ક્રાફ્ટ મ્યુઝિયમ દ્વારા આજથી 24 મી ઓગસ્ટ સુધી ત્ર-દિવસીય ‘કલા સંગમ’નું આયોજન કરાયું છે. ગુજરાતી સંગીત, સાહિત્ય અને નૃત્યના ત્રિવેણી સંગમ સમા આ આયોજનમાં આ ત્રણેય મુખ્ય કલાઓને આવરી લઇ તે પર વિવિધ પ્રસ્તૂતિઓ અને વિચાર-વિમર્શ, માર્ગદર્શન, પ્રશ્નોત્તરી, વગેરે યોજાશે. કચ્છના વિવિધ કલાક્ષેત્રના બાળ-તરુણ-યુવા નવોદિતથી લઇને સ્થાનિકે જાણીતા કલાકારો, સાહિત્યકારો અને વિદ્વાનો આ કલા સંગમમાં જોડાયા છે.

---------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય લોક અદાલત

જિલ્લાની તમામ અદાલતોમાં આગામી ૧૩ મી સપ્ટેમ્બર, શનિવારે રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે.

જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા યોજાનાર આ લોક અદાલતમાં ફોજદારી સમાધાન પાત્ર ગુન્હાના કેસો, જમીન સંપાદન વળતર કેસો, ચેક બાઉન્સ સંબંધિત કેસો, ગ્રાહક સેવા તકરારો, બેંક રિકવરી, વીજ કંપની, મોટર અકસ્માત વળતર, લગ્ન સંબંધિત તેમજ દિવાની પ્રકારના કેસો સહિતના તમામ સમાધાન લાયક કેસો મુકવામાં આવશે.

આ ઉપરાંત એવા પ્રિ-લિટિગેશન કેસો કે જે હજુ સુધી અદાલતમાં દાખલ થયા નથી તે પણ લોક અદાલતમાં લેવામાં આવશે.

લોક અદાલત અંગે વધુ માહિતી માટે જિલ્લા સ્તરે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય-ભુજ તેમજ તાલુકા સ્તરે વિવિધ તાલુકા અદાલતોમાં કાર્યરત તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------

## એચઆઇવી એઇડ્સ અંગે જાગૃત્તિ

ભચાઉ તાલુકા આરોગ્ય કચેરી દ્વારા આધોઇ હાઈસ્કૂલ ખાતે એચઆઈવી એઈડસ અંગે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને એચ.આઈ.વી એઇડ્સ વિષે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ક્લિનિકમાં આપવામાં આવતી સેવાઓ વિશે પણ સમજણ આપવામાં આવી હતી. આ ઉપરાંત, ડેન્ગ્યુ અને મેલેરિયા રોગના અટકાયતી પગલાઓ, ટી.બી. મુક્ત ભારત, રસીકરણ, વગેરે અંગે પણ જાણકારી અપાઈ હતી.

---------------------------------------------------------------------------------------

## ભુજ ખાતે કોમ્યુનિટી રેડિયો જાગૃત્તિ વર્કશોપ

વ્યસન મુક્તિ ઝુંબેશ અંતર્ગત જીલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા ભુજ તાલુકાના માધાપરમાં શાળાઓથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલી દુકાનો અને કેબીનોમાં તમાકુની બનાવટોનું વેચાણ કરતા ધંધાર્થીઓ સામે કાયદાના ભંગ બદલ દંડ વસુલવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સરકારી દવાખાના જેવા જાહેર સ્થળોએ તમાકુની બનાવટોનો ઉપયોગ કરતા લોકો વિરુદ્ધ પણ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરીમાં માધાપર પોલીસ સ્ટેશનનો સ્ટાફ પણ જોડાયો હતો.

---------------------------------------------------------------------------------------

# રાપર એસટી ડેપો

રાપર એસટી ડેપોમાં આજે નવી મિની મેટ્રો બસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાપરથી દુધઇ થઈને ભુજ સુધીના રૂટ પર બપોરે દોઢ વાગ્યે દોડતી આ બસ સેવામાં હવે નવું વાહન ઉમેરાયું છે.

ઉલ્લેખનીય છે કે, રાપર એસટી ડેપોએ કચ્છ એસટી વિભાગમાં સૌથી વધુ માઈલેજ મેળવ્યું છે. ડીઝલ કિલોમીટર પ્રતિ લીટરમાં 5.49નો આંક હાંસલ કરવા બદલ તાજેતરમાં એસટી નિગમ દ્વારા રાપર એસટી ડેપોને પ્રશંસાપત્ર આપવામાં આવ્યું હતું.

રાપર ડેપો માસિક 1 કરોડ 10 લાખથી 1 કરોડ 20 લાખ સુધીની આવક સાથે ગુજરાતના આવકની બાબતમાં શ્રેષ્ઠ પાંચ ડેપોમાં સ્થાન ધરાવે છે.

---